| PUBLICATION NAME : | The Venus Times |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 04 |

# ઈડીઆઈઆઈ દ્વારા ઉદ્યોગસાહસિકતા પર ૧૬મી દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન




**ધ વીનસ ટાઇમ્સ,અમદાવાદ,તા.૨૬**

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ),અમદાવાદની ૧૬મી દ્વિવાર્ષિક સંમેલન (૩-દિવસીય) ૨૬ ફેબ્રુઆરીએ સંસ્થાના પરિસરમાં શરૂ થઈ. ;ઉદ્યોગસાહસિકતાપર આધારિત ત્રણ દિવસીય સંમેલન ૨૮ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. આ સંમેલન સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તા માટે એક મંચ છે જેથી ઉદ્યોગસાહસિકતા વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેમના સંશોધન અભ્યાસો અને તારણો શેયર કરી શકે છે. ઈડીઆઈઆઈ ૧૯૯૪થી ઉદ્યોગ સાહસિકતા પર દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન કરી રહ્યું છે.સંમેલન દરમિયાન, ૯ થી વધુ દેશોના વિદ્વાનો દ્વારા ઉદ્યોગસા હસિકતા સિદ્ધાંત અને વ્યવહાર; ઉદ્યોગસાહ સિકતાશિક્ષણ; ઉદ્યોગ સાહસિકતા ઈકોસિસ્ટમ; મનોવિજ્ઞાન અને ઉદ્યોગ સાહસિકતા; એમએસએમઈ ઉદ્યોગ સાહસિકતા; ટેકનોલોજી અને ડિજિટલ ઉદ્યોગ સાહસિકતા; સ્ટાર્ટઅપ અને ઈનોવેશન; હરિત અને સતત ઉદ્યોગ સાહસિકતા; સામાજિક ઉદ્યોગ સાહસિકતા; સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્ય આધારિત ઉદ્યોગ સાહસિકતા; મહિલા ઉદ્યોગ સાહસિકતા; ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા અને નવજાત ઉદ્યોગ સાહસિકતા અને નવા સાહસ સર્જન અને કૌટુંબિક વ્યવસાય જેવા વિષયો પર ૧૪૮ સંશોધન પત્રો અને અભ્યાસો રજૂ કરવામાં આવ્યા.